...તા સીરીઝ.

મુકુલ-માલા.



॥ श्रुति ॥

यस्माज्ज्ञातं जगत्सर्वं यास्मिन्नेव विलीयते ।
येनेदंधार्य्यते चैव तस्मैज्ञानात्मने नमः ॥

મુલ્ય ૦-૧-૬.

આ માળાના પાંચ ગ્રાહક વધારનારને અર્ધા વર્ષમાં પ્રગટ થતા પુસ્તકો ભેટ આપવામાં આવશે. તેઉપરાંત તેમના નામ સ્નેહી-સહાયક મંડળમાં દાખલ કરવામાં આવશે. દશથી વીશ ગ્રાહક વધારનારને આમાળાનાં દરેક પુસ્તકો આખું વર્ષ મફત મળશે અને તે ઉપરાંત એક **"કચકડાનો સુંદર છેડો"** ભેટ મળશે તે ઉપરાંત ગ્રાહકોનો વધારો કરનારને તેના પ્રમાણમાં સુંદર ઇનામો અને ભેટો મળશે. વળી તેમનાં નામ હવે પછીના પુસ્તકમાં પ્રગટ કરવામાં આવશે. ભેટો તથા ઇનામો ગ્રાહકોનાં નામ અને લવાજમ મળ્યા પછીજ આપવામાં આવશે. અમારા સ્નેહી સહાયક મંડળમાં દાખલ થવા ઇચ્છનારે નીચેને શીરનામે પત્ર વ્યવહાર કરવો.

લખો:—**મેનેજર, મુકુલ-માળા.**
નાની છીપવાડ, બાલાજી રોડ, સુરત.

તા. ક.—એજન્ટની જરૂર છે. ઉદાર કમીશન. જાહેરખબરના ભાવ બહુજ સસ્તા છે. લખો ઉપરને શીરનામે.

નિવેદન.

સુજ્ઞજનો,

અમોએ આ સચિત્ર મુકુલમાળા કાઢવાને જે સાહસિક કાર્ય ઉપાડયું છે, તે સ્વાર્થ ખાતર તો નથીજ પરન્તુ યત્ કિંચિત્ સાહિત્યની સેવા બજાવવા હમો તૈયાર થયા છીએ. "પાસે ન મળે કોડી ને જાય બજાર દોડી" એ કહેવત પ્રમાણે હમે આ પુસ્તક બહાર પાડવા દોડયા છીએ. અનેક સંકટો સહન કરી આજે આ "મુકુલ" આપની સમક્ષ રજુ કરીએ છીએ. વાંચન વડે મગજ ખીલી સારૂં કામ કરતા થાય છે. હિન્દના બાળકો અને ગુર્જરી માતાના અજ્ઞાની પુત્રો સ્વાર્થ સિવાય બીજું કાંઇ શીખ્યા નથી. અને તેથી કરીનેજ પોતાનો કુહાડો પોતાના પગમાં મારી "આરંભશૂરા" એવું કલંક આજે પણ શીર પર ધારણ કરી રહ્યા છે. અમે તે દૂર કરવા કાંઇક પ્રયાસ કરવા ઇચ્છીએ છીએ. તે કારણને લઇ આનાનકડી માળામાં ધાર્મિક અને નૈતિક વાર્તાઓ પ્રગટ કરવા હમારો સંકલ્પ છે. "એક હાથે તાળી પડતી નથી" તે પ્રમાણે અને "એકથી બલા બે" એ કહેવતને અનુસરી અમો એકલા શું કરી શકીએ? તથાપિ આ પુસ્તકમાં કાંઇક અંશ મૂકી શકયા છીએ તે આપની કૃપાદષ્ટિ બહાર તો નહિજ જશે. હમો અમારા ગ્રાહકોની એટલી ક્ષમા યાચીએ છીએ કે આ સમયે હમો આ પુસ્તકમાં ચિત્રો મુકી શકયા નથી પરન્તુ હવે પછીના પુસ્તકમાં ચિત્રો મુકવા કાંઇક ગોઠવણ કરીશું.

આ સચિત્ર "મુકુલ માળા" કાંઇ માસિક નથી પરન્તુ એક વર્ષમાં તેના બાર ભાગ જન સમાજ સમક્ષ રજુ કરવા અમોએ

ઠરાવ કર્યો છે. પ્રતિ માસે એક એક ' મુકુલ " પ્રગટ કરી શું. અને જેમ જેમ ગ્રાહકોની સખ્યા રૂપી જળસિંચન આ " મુકુલ વેલી " ને વધારે મળતું જશે તેમ તેમ તેના રૂપ-ગુણ અને કદમાં યોગ્ય ફેરફાર જન સમાજના ચક્ષુને ચેતન રહિત બનાવવા-ચકિત્ કરવા -મનને ઉલ્લશ આપવા અને હૃદય ને શાન્તિ દેવા ક્રમેકરી થતા જશે. હાલ તરત તો ત્વરાથી કાર્યને કરવું હોવાથી સાધારણ હાલતમાં આપની સમક્ષ રજુ કર્યું છે. તેને જેષ્ઠ માસના ઉષ્ણ વાતાવરણની અસર થયેલી હોવાથી ચીમળાઇ ગયું છે. પરન્તુ આપ કૃપાળુ જનો એ કુસુમવચી " મુકુલને " આપની કૃપારૂપી જળ સીંચશે. તો જરૂરતે ફાલી ફુલીને સુવાસી થઇ તમને આનંદ આપશે. આખા વર્ષમાં પ્રગટ થતા બારે પુષ્પનું મુલ્ય માત્ર ૦-૧૨-૦ રાખ્યું છે, અને ચાલુ માસમાં ગ્રાહક થનારને બે રસિક વાર્તાનાં પુસ્તકો ભેટ આપવામાં આવશે. દોઢ આનાની ટીકીટ બીડનારને નમુનાનો અંક મોકલી આપવામાં આવશે.

અમે આશા રાખીએ છીએ કે અમે જે સાહસ ભર્યું પગલું લીધુંછે તેને માટે અમોને સહાય કરી નિભાવવા એ આપ સર્વનું કામ છે. થોડા પૈસે બહોળું કામ કરવા હમો તૈયાર થયા છીએ. માટે આશા રાખીએ છીએ કે આપ હમોને બનતો આશ્રય આપી જે કલંક દૂર કરવા અમો તૈયાર થયા છીએ તે કલંકને શીર પર ધારણ કરતા અમોને અટકાવશો એવી આશા છે.

લેખકોને હમારી એટલીજ વિનતિ છે કે તેઓ અમોને અમારૂં કાર્ય નિભાવવામાં લેખન-પ્રવાહ ચલાવશે અને આભારી કરશે.

અષાડ સુદી ૧
(૧૯૭૨)
તા. ૧ લી જુલાઇ ૧૯૧૬

લી. કૃપાકાંક્ષી
સેવક બંધુ
પ્રકાશક પોતે.

મનને-બોધ.

પદ.

તું ભજી લે આત્મારામરે-ઓ મનડા મેલાં
તારે અન્ય સાથે શું કામરે-ઓ મનડાં ઘેલા.
હરી ભજ્યા નહિ શી દશા થાશે, યમ કિંકરને હાથ,
દારૂણ દુઃખ નર્કના સહેવા, કોઇ ન આવશે સાથ.
રે-ઓ મનડા મેલાં— (૧)
વિષયાંધ થઇ ગૃહ કાર્ય કરતાં, મૃત્યુ આવ્યું જાણ પાસ
મનુષ્ય દેહ પામી હર ભજ્યા નહિ, અન્તે પામશે નાશ.
રે-ઓ મનડા મેલાં-- (૨)
સબરી તરી અહલ્યા ઓધાર પામી, હરી ભજન પ્રતાપ,
પ્રહલ્લાદ ધ્રુવજી અભયપદ પામ્યા, ટળ્યા ભવના તાપ
રે-ઓ મનડા ઘેલાં— (૩)
ભદ્રાયુરાજા પારધીને વળી, કિલ્માશપાદ રાજન,
પ્રભુ સ્મરણથી જ્ઞાનને પામ્યા, રહ્યા આત્મસ્વરૂપમાં મગન
રે-ઓ મનડા ઘેલાં— (૪)
એ સિવાય અનેક મોક્ષને પામ્યા, કહેતા ન આવે પાર,
પદ્મિની પદ્માકર પોતે, ભજતાં રહી નિરવિકાર,
રે-ઓ મનડા મેલાં— (૫)
એવા પ્રભુનું સ્તવન મનન કર, છોડી માન અભિમાન,
પરમાનંદ પ્રભુ ચિત્તમાં સ્થાપી, કર આત્મ સ્વરૂપમાં સ્થાન,
રે-ઓ મનડા મેલાં— (૬)

જ્ઞાનેશ્વર ગૃહ
સુરત.

લી. સદ્દગત
ધીરજરામ પરમાનંદદાસ જનદેવ



સરસ્વતીને:-

સુજ્ઞાની-કર ઇશ્વરી......(૨)
ન...મી કરીએ તુજ વિનતિ...સુજ્ઞાની કર. (ટેક).
આનંદ આપી, દુઃખ કાપી,
દીઓ અમોને શાન્તિશ્રી......(૨) સુજ્ઞાની. ૧
સુરક્ષિત સ્થાન દઇ અમોને
શરણુ રાખ ઇશ્વરી......
શકિત તુજ અપાર આજ
જાણી મેં ખરી......... (૨) સુજ્ઞાની. ૨
તું પ્રણુવ ગાને મગ્ન / મસ્ત થઈ
રહે વીણાધરી........
"અમર બાળ" થઇ રસાળ,
ભજે સરસ્વતિ......... (૨) સુજ્ઞાની. ૩
અજ્ઞાન તિમિર નષ્ટ કરી
પ્રકાશ પાડ ઇશ્વરી......
"અર્જુનરામ, ધૈર્યરામ"
તાર સરસ્વતિ......... (૨) સુજ્ઞાની. ૪
શકિતરૂપે સર્વમાંતું
માત છે રહી રમી......
અચળનામ, અમરનામ
તારૂં સરસ્વતિ........ સુજ્ઞાની. ૫

મુકુલ-માળા.

૧લું મુકુલ.

ઝમક ને ધમક જોતાં આવી ગઇ ચમક

પ્રકરણ ૧ લું.

તે બહુ નાનો-ઠીંગણો હતો. રૂઆબ ઘણો ભારી રાખતો મ્હોં ગોળ લાડુ સમાન હોવા છતાં મર્કટના મૂખની બરાબરી કરતું હતું, તેની પાસે પૈસો ઘણો હતો. તે ચાર ક્રોડ રૂપીઆની થાપણે ચાલતી "**ધી ડાયમન્ડ એન્ડ પર્લ્સ કંપની**"નો માલીક હતો; હીરા મોતીનો વ્યાપાર ધમધોકાર ચાલતો હતો; એટલે તેના વસ્ત્રાભુષણ અને વ્યવહાર પદ્ધતિનું પૂછવુંજ શું ? કંપનીની ઓફિસમાંના ફરનીચરની તો વાતજ ના કરવી ?

મધ્યાહ્ન થયો. બાર વાગ્યા અને કમ્પનીના શેઠ મી० × × ...ય સ્પ્રીંગથી ચાલતા હિંચકા ઉપર લાંબા થઇ સૂ...ા. તાપ ઘણો

પડતો હોવાથી હીંચકાના પવનની અસર ન થઇ એટલે શેઠે ઘંટડી વગાડી. ઇલેકટ્રીક પંખો ફરવા લાગ્યો અને પવન ફુંકાવા લાગ્યો. શેઠનો શ્વાસ છૂટી ગયો. અકળામણ નષ્ટ થઇ અને મુખમાંથી શબ્દો નીકળી ગયા:-"હાસ ! હવે ટાઢક વળી." તુરતજ શેઠને નિદ્રા આવી ગઇ.

શેઠને સૂતાને કલાકેક થયો. કોઇએ દરવાજો ઠોકયો. બારણું ઉઘડયું. નોકરને પત્ર આપતાં કોઇએ કહ્યું "જા તારા શેઠને આ કાગળ આપ" નોકર પત્ર લઇ શેઠના ઓરડામાં દાખલ થયો તેના આવાગમનથી શેઠની નિદ્રાને ધોકો લાગ્યો. શેઠ બરાડી ઉઠયા "કોણ છે હરામખોર આ સમયે ? "

"શેઠ બહાર કોઇ આવ્યુ છે તે આપને મળવા માંગે છે"

" તે કોણ છે. તે તું જાણે છે ? "

" ના, સાહેબ ? પણ કાગળ મુજને એક દઇ. બોલ્યા એવું વાણ;
કાગળ તારા શેઠને આપી, જવાબ જલ્દી આણ;"

" વાહરે અલ્યા તારી બુદ્ધિ પણ કાંઇ ઓરજ છે ને ? ભેજાંગાં ઠીક કવિત્વ શક્તિ ભરાઇ પડેલી છે. તને પણ શું કવી થવાનો મેનીઆ લાગ્યો કે ? "

"સાહેબ મુજને મેનીઆને શાને આવે

એ થકી તો ભાષા મારી પળમાં સુધરી જાએ. "
શેઠ બોલ્યા, "મૂર્ખા શાને ગરબડ આવી કરતો;
કવિ થવાને મિથ્યા શાને, પ્રયાસ કરીને મરતો.
કામ તારૂં પડતું મૂકીને, વાતે તું તો વળગ્યો;
કહે મને તે કાગળ આજે લાવી કયાં છે મેલ્યો ?"

કવિતાના તાનમાં નોકર બચારો પોતાનું માન ભૂલી ગયા. અને હસ્તમાં પત્ર હોવા છતાં આમતેમ બહાવરો બની જોવા લાગ્યો.

શેઠે ગધેડાનો અવાજ કાઢ્યો :- " હરામી ! તારૂં ચિત્ત ક્યાં ભમે છે ? " કહી એ લાત મારી કાગળ લઇ લીધો. અને નીચે મુજબ વાંચ્યો :-

H. R. Hunter. એચ - આર - હન્ટર.
મેનેજર ડાયમન્ડમાઇન આફ્રિકા.

મી - × + રાય અમૂલ્ય ઝવેરાતના વેપારી એટલે હીરાનો શોખ ભારી હતો. તેથી વિચાર કર્યો :- " આફ્રિકાના હીરા ઘણા નિમકદાર હોય છે. તે ખરીદવા જોઇએ. માટે આ મનુષ્યને મળવાથી લાભ થશે. તે બોલ્યા " અલ્યા કવિરાજ જા, એમને અહીં લાવ." જો કે કંપનીના મેનેજરને મળવાનો આ સમય નહતો તથાપિ મી. × × રાય તેમને મળવા આતુર થઇ બેઠા. તુરતજ એક ભરાઉ ચહેરાનો મનુષ્ય તેની સન્મુખ આવી ઉભો. તે શરીરે મી૦ × + રાય કરતાં જરા જાડો, કૌવતવાન, બાંધી દડીનો અને સાધારણ કદનો હોવા છતાં ઠીંગણા અને હળસીના ભાઇ શેઠ + + રાય કરતાં ગૌર વર્ણનો હતો. હાથમાં એક ચામડાની પેટી હતી. શેઠ તેને માન આપવા ઉઠયા અને તેમને સાથે લઇ ઝવેરાતના ઓરડામાં ગયા. બંન્નેજણા ટેબલ પાસ સામ સામી ખૂરશી પર બેઠા એને મી૦ હન્ટર બોલવાનો આરંભ કરે તે પહેલાં અધીરા થઇ બોલી ઉઠયા :-

" આપનું અત્રે શાઅર્થે આગમન થયું છે ? "

મી૦ હન્ટર બોલ્યા :- " આપની કંપનીનું મોટું કામ સાંભળી તેની દેશ પરદેશની ખ્યાતિ જાણી અમોએ ઠરાવ કર્યો છે કે જો

આપ હમારી ખાણુમાંથી નીકળતા હીરા ખરીદવા રાજી હોતો બીજા વેપારીઓને છૂટક નહિ આપતાં સામટા તમને આપી દઇએ."

"હું ખુશીથી તે ખરીદ કરીશ. પૈસા રોકડા મળશે."

"પરન્તુ શેઠ ! હીરાઓનું મૂલ્ય ઝવેરીઓ જે આંકેતેના કરતાં માત્ર ૧૦૦) રૂપીઆ ઓછા લેવાની શરતેજ હમે હીરા આપીશું". મી૦ હન્ટર બોલ્યા "મને તેમાંના હીરા બતાવશો ?"

"જુઓ આ રહ્યા." કહી. મી. હન્ટરે તરતજ પેટી ઉઘાડી માંહેથી દાંતની પેટી કાઢી અને મી૦ × × રાયના હસ્ત કમળમાં આપતા બોલ્યા "લો શેઠ જુઓ એની ઝમક શેઠ હીરાની ઝમક જોઇ લલચાયા. ઓછામાં ઓછા રૂપીઆ ૨૫૦૦)નો એક હીરો લાગ્યો. હીરા ખરીદવાજ જોઇએ. ફરીથી આવા હીરા નહિ મળે. આ પ્રમાણે વિચાર કરી મી૦ + ÷ રાય બોલ્યાઃ-

"તમે જરા અહિં બેસો હું જરા હીરા બતાવી આવું છું."

"વારૂ સાહેબ ?" કહી મી૦ હન્ટર, વિચારમાં પડયા અને મી૦ × + રાય હીરો લઇ કંપનીના ઝવેરી હોલમાં ઝવેરીઓ સમક્ષ હીરાની પેટી લઇ આવ્યાને તેમાંના હીરાની કીંમત અંકાવવામાં રોકાયા.

પ્રિયવાંચક આ બધો સમય મી. હન્ટર શો વિચાર શા અર્થે કરે છે તે આપણે આવતા 'પ્રકરણમાં જોઇશું. હાલ તરતનો આપણે રજા લઇશું.

પ્રકરણ ૨ જું.

"ધી ડાયમન્ડ એન્ડ પર્લ્સ કંપનીના મકાનમાં ત્રીજે માળે મોટા ખંડમાં ઝવેરીઓની બેઠક હતી ત્યાં એક વ્યક્તિ આવી સર્વને હીરા બતાવવા લાગી અને તેનું મૂલ્ય કરવા કહેતી હતી. ઝવેરીઓએ હીરાની કીંમત જુદી જુદી કરી પરન્તુ એવો એક પણ હીરો ન હતો કે જેની કીંમત ૩૦૦૦ થી ઓછી અંકાઇ હોય. તરતજ તે વ્યક્તિ હાથી દાંતની પેટી લઇ કંપનીના ખાનગી ઓરડામાં આવી તે ઓરડામાં શેઠ સીવાય કોઇ મનુષ્યને આવવા અધિકાર ન હતો. તો પણ તેના કહેવાથી આવી બેસનાર એક વ્યક્તિ એ તેનો ઘાટ ઘડી મૂકયો હતો મી. × × રાય આવતાં વારજ બોલી ઉઠયા:—" મી. હન્ટર ? હું તમારા આ સઘળા હીરા ખરીદવા ઇચ્છું છું. તેની કીંમત કહો

મી. હન્ટર બોલ્યા " મી૦ × × રાય ? આ હીરા ઘણા ભારી છે. એવા મળવા ઘણા મુસ્કેલ છે. તેમાના હલકામાં હલકાની કીંમત પણ ઓછામાં ઓછા રૂપીઆ ૩૦૦૦ ની છે. આપ કીંમત કરાવી આવ્યા એટલે તમારી ખાત્રી થઇ હશે. માટે હવે સર્વની કીંમત તમે પોતેજ કરો આપ કહેશો તે, જો પરવડશે તો હીરા તમારાજ થશે."

મી. * * રાય હીસાબ ગણવા લાગ્યા, " હલકામાં હલકા હીરાની કીંમત પ્રમાણે પણ આ હીરાઓ ની કીંમત એક કરોડ ને વીસલાખ ની થાય. જો એક કરોડની માંગણી કરીએ તો પણ ખોટ જાય નહીં. અને ચાર હજાર હીરા તો ઝવેરીઓ માં ક્યાં એ

વેચાઇ જશે. વારૂ સાહેબ, ત્યારે હીરાની કીંમત મારેજ કરવી પડશે. લો ત્યારે રૂપીઆ નવ્વાણું લાખ લેશો. ?"

મી. હન્ટર હસ્યા. " શેઠ જરા વિચાર કરો, કીંમત કરો, ઝવેરીથી આવું બોલાય ? દરેક હીરાની આછામાં ઓછી ત્રણહજાર કીંમત કરો તોપણ લગભગ સવા કરોડની રકમ થાય. વારૂ ત્યારે આપ કાંઇ વધારે નહિ આપી શકો. ?"

"લો એકકરોડની સંખ્યા ગણી આપું. ?"

"શેઠ બહુજ થોડા" "લ્યો ત્યારે પાંચ લાખ વધ્યા.',

"શેઠ, આપનાથી હીરા નહિ ખરીદાય !" કહી મી. હન્ટરે પેટી લઇ લીધી. કળ ચઢાવી અને ચામડાની પેટીમાં મૂકી ઉઠાવાની રજા લેવા વિચાર કરતા હતા એટલામાં હીરાની ઝમક જોઇ ઝમકેલા તે શેઠ લોભે લક્ષણ ગુમાવા બેઠા. તે આગળ વધી બોલ્યા. "શેઠ દશ લાખ વધારે લેજો."

મી. હન્ટર. વિચારે ચઢયા દેખાયા. ને થોડી વારે બોલ્યા "શેઠ માત્ર છેલ્લીવાર કહું છુ. "એક કરોડને વીસલાખ ઉપર આપજો."

મી. × × રાય નો અધમણીઓ હકાર માં હાલ્યો.

મી. હન્ટર બોલ્યા "શેઠ, રૂપીઆ રોકડા મેલો."

ટ્રેઝરર સાહેબને હુકમ આપ્યો અને એક કરોડને વીસલાખની નોટનો ચોડો શેઠના હાથમાં આવીને પડયો. રૂપિઆ આપ્યા. નોટો પેટીમાં ઠસી ગઇ. શેઠે હીરાની પેટી લીધી અને ત્રીજોરીમાં મૂકી દીધી. તે બોલ્યા "કેવો મૂર્ખો !" મી. હન્ટર હસતા હસતા બોલ્યા "બેડોપાર" શેઠની રજા લઈ પોતાને રસ્તે પડયા. મી. × × રાયને

હર્ષ વાયુ થયો. અને આમતેમ મલકાતા ડોલવા લાગ્યા અને આપણા મી. હન્ટર તો મોટરમાં બેસીને પસાર થઇ ગયા.

શહેર બહાર આવેલા અતિ વિશાળ ઘટ અરણ્યમાં એક મહાન વડવૃક્ષ પાસે જઇ તેની જોડમાં રાખેલી છૂપી કળ ફેરવતાં સુરંગ ઉઘડી અને મોટર આગળ ચાલવા લાગી. એક ભીંત આવતા મોટર અટકી. વળી કળ ફેરવતાંજ અર્ધી ભીંત ખસીગઇ દરવાજો દેખાયો. તેમાં મોટર મૂકાઇ. ઓરડામાં ટાંગેલા ઘંટ ના ૭ ટકોરા થતાંજ ઓરડામાંથી ભોંયરામાં જવાનો રસ્તો નીકળ્યો. મી. હન્ટર અંદર ગયા. તે એક દીવાન ખાનું હતું. તેની જોડમાં એક બીજો ઓરડો હતો. તેમાં જવાને એક કળ રાખવામાં આવી હતી તેનો ઉપયોગ કરી મી. **હન્ટર** તેમાં .દાખલ થયા. જમીનથી થોડે ઉંચે એક વોટરકોક ભીંતમાં જડેલો હતો. તે એક મુખ્ય કળ હતી. તે ફેરવતાંજ મી. **હન્ટર** એક લોખંડથી જડેલા ઓરડામાં હાજર થયા. તેમાં એક ત્રીજોરી હતી. મી. **હન્ટરે** રૂપીઆ કરોડ તેમાં મૂકયા. બાકીના વીસલાખ કોટ, જાકીટ, પેન્ટ, આદિ વસ્ત્રોમાં મૂકયા. વ્યાપારીનો વેશ કાઢી નાંખ્યો અને સાધારણ ગૃહસ્થ માનુષ્યનો સ્વાગ ધારણ કરી ગજવામાં બનાવટી ડીટેકટીવનો પટો રાખી. બહાર નીકલ્યા. શહેરમાં આવી એક માણસને રૂપિઆ હજારની રકમ આપતાં કહ્યું આ મોટર લઇ "**ધી ડાયમન્ડ કંપની** આગળ હાજર થજે. ત્યાં આવી મારી સાથના માણસને સાથે લઇ મોટર હાંકી મુકજે અને પાછી અહીં લાવી તેને જકડી દેજે, બીજા બે માણસો તારા સહાયક તરીકે બીજા હજાર રૂપીઆ ખરચતાં મેળવજે. હું આવું ત્યાં લગી કોઇને ચસવા દેતો નહિં. આ માણસે જરજોઇને કામ માથે લીધું. મી. **હન્ટરે** બીજી બે હજારની નોટ તેના હાથમાં

મૂકી, અને પોતે **કંપની** આગળ આવી શેઠના માળપર જઇ તેમને મલ્યા. નામદાર ગવનર સાહેબની આજે જન્મતિથિ હોવાથી ભોજન અને ઉજાણીમાં આપને મારી સાથે. આવવું પડશે. આનાકાની કરતાં શેઠે તે વાત કબુલ કરતાં તુરતજ તે મોટરમાં શેઠને બેસાડી પોતે બીજા ગૃહસ્થને તેડવા જવાનું બહાનું કરી જરા નાકા તરફ ગયા. અને આપણા શેઠને લઇને મોટર જંગલમાં ઉપડી ગઇ. **હન્ટર** તરતજ પાછા આવ્યા અને ઉપર જઇ શેઠના ખાનગી ઝવેરીહોલમાં બેધડક ભરાયા અને ગજવામાંથી અવકાશે પહેલી મુલાકાતે મેળવેલી કુંચીઓનો ઉપયોગ કરી ત્રીજોરી ઉઘાડી હીરા ચોરી લીધા તે ઉપરાંત બીજું જવાહીર પણ લેવા મી. **હન્ટર** ચુકયા નહિ. પોતાનું કામ પા અર્ધા કલાકમાં પરિપુર્ણ કરી બીજી મોટરમાં બેસી પોતાના ગુપ્ત નિવાસમાં જઇ દ્રવ્ય અને જવાહીર મૂકી સ્વાંગ બદલી આવ્યા. સંકેત પ્રમાણે જરને વસ રહેનાર જવાનને મોટર હાંકી પોતાના તરફ આવતો જોઈ તરતજ તેને અટકાવવા કહ્યું મોટર અટકી તેમાં પોતે ચઢી બેઠા અને શેઠને લઇ મોટર ઉપડી. અને ઠગારી ટોળીએ તૈયાર રાખેલે સ્થળે ઉજાણી આપાઇ શેઠ ઉજાણી લઇ પાંચ વાગે પોતાને ઘેર પધાર્યાં, અને આપણા ઉઠાવગીર મી. **હન્ટર**, સ્વાંગમાં સાધારણ ડાકટરનો દમામ ધારણ કરી મુખાકૃતિમાં રંગથી નવીન ફેરફાર કરી શેઠના મકાન આગળ આવ્યા અને ત્યાં ફરવા લાગ્યા.

પ્રિય વાંચક, હવે આપણા શેઠ મી. ××**રાય** તરફ વળીએ તેઓ અત્યારેજ આનંદ ઉજાણીમાંથી આવ્યા હતા પરન્તુ પોતાના હીરા જોવાને અધિરા હોવાથી એકદમ ત્રીજોરી પાસે ગયા તેમાંથી દાંતની પેટી બહાર કાઢી હાથમાં લઇ તેને જોઇ ભોજલાંની માફક હસવા

તથા ચાળા કરવા લાગ્યા. અને આખરે હર્ષનો ઉભરો આવતાં બોલ્યાં:– "**મારા હીરા!**" પરન્તુ "**હસે તેરડે અને :વહેલો ચઢે તે પહેલો** પડે." એ કહેવત પ્રમાણે મી. ++ **રાયનો** હર્ષ તે પેટી ખોલતાજ શોકમાં ફેરવાઇ ગયો. મ્હો પહોળું થઇ ગયું. પેટી હાથમાંથી પડી ગઇ. આંખમાંથી અશ્રુપ્રવાહ ચાલવા લાગ્યો, ધૈર્યની સીમા તુટી ગઈ, **શેઠ** હબકી ઉઠયા ગાંડા માણુસની માફક બરાડા પાડવા લાગ્યા. "હાય, મારા રૂપિઆ ? હું, મરાયો–લૂટાયો. મારા શેર હોલ્ડરોને હું શું જવાબ દઇશ. હું, દેવાળીઓ થઇશ." એકાએક .નોકરો ભેગા થઇ ગયા. ઝવેરીઓ દોડી આવ્યા. શેઠ ગાંડા થયા જાણી નોકરો સરજીઅનને બોલાવવા ગયા શેઠ તો લવારાપર ચઢયા. મગજે પુષ્કળ તાવ ચઢયો. માથું ભમી આવતા ધરણીએ ઢળી પડયા અને પડતા પડતા બોલ્યા:–

"હાય હવે હું શું કરીશ ?"

પ્રિય વાંચક, તે જાગૃત કયારે થાય છે તે હવે પછીના પ્રકરણમાં આપણે જોઇશું હાલ તરતનો શેઠને બેભાન સ્થિતિમાં રવડતાં મુકી વીરમીશું.

પ્રકરણ ત્રીજું

પ્રિય વાંચક—ગત પ્રકરણમાં આપણે શેઠને બેભાન મુકયા અને નોકરોને ડોકટરોને ત્યાં મોકલ્યા તો હવે શેઠને શાન્તિ આપનાર મનુષ્યની શોધમાં જઇએ.

"**ધી ડાયમન્ડ એન્ડ પર્લ્સ કંપનીના**" પહેલે માળે એક વ્યકિત ગુલશૈય્યા પર સૂતેલી આપણી દ્રષ્ટિએ પડે છે. તે પોતાના ચૈતન્ય રહીત થોડો સમય રહી પરન્તુ પૂન; ચૈતન્ય આવતાં ભુત

કાળની વાતો પર વિલાપ કરવા લાગી, તેની આસપાસ અનેક મનુષ્યો ભરાઇ ગયા હતા. ડોકટરો અને સર્જયનો પોતાની ઔષધીઓને પ્રયોગ શેઠના તંદુરસ્ત શરીર પર અજમાવવા લાગ્યા. પરન્તુ આવા અનેક ઉપચાર કર્યાથી પણ શેઠના મનોવ્યાધિનો નાશ થયો નહિં તેઓ માત્ર લવારા પર ચઢયા. "હાય મારા હીરા હાય મારા રૂપીઆ" વળી અટકયા. પાછા બોલ્યા "ઓ હીરા તેં મારી આબરૂના કર્યા ચીરા." સવ કોઇ તેમને શાન્ત પાડવા લાગ્યા–સમજાવવા લાગ્યા પણ શેઠ સમજે ક્યાંથી ? તેમને તો તેમના હીરાની પડી હતી. પરન્તુ પ્રિયવાંચક, શેઠ હમણાં સમજી જશે, શાન્ત પડશે. કારણ કે આપણા ઉઠાવગીર કયાં આઘા ગયા છે ? તે તો પાસેજ ફરતા હતા તે માળ પર ચઢી આવ્યા અને શેઠ પાસે જઇ બોલ્યા "શેઠ ગભરાશો નહી. ચોર પકડાશે. તમારા રૂપિઆ મળશે, શેઠ જરા શાન્ત પડયા. વળી બોલ્યા "મારા હીરા." નવા આવનાર **મી. હન્ટર** તરતજ બોલ્યાઃ- "શેઠ આમ શું કાયર થઈ જાઓ છો ? હીરાને શું કરો છે ? હીરા આપણે ચોર કનેથી લઇશું." શેઠને શાન્તિ વળી એટલે તેમને લઇ મી. **હન્ટર** સ્પ્રીંગથી ચાલતા હીંચકા પર બેઠા; અને વીજળીથી ચાલતો પંખો ફરવા લાગ્યો. શેઠ પુરા ઠંડા પડયા, **મી. હન્ટરે** બોલવુ શરૂં કર્યું. "શેઠ ગાંડા ન બનો; કોઇ ડીટેકટીવની સલાહ લો સવ વીગત તેને જણાવો એટલે તે ચોરને પકડશે. "ત્યારે તો તમેજ તેને બોલાવી આવોને" શેઠે મી. **હન્ટરને** કહ્યું. "લ્યો આ ચાલ્યો શેઠ; હું હમણાં તેને અહીં મોકલું છું" કહી નવીન વ્યકિત મી. **હન્ટર** ચાલ્યા ગયા.

થોડી વારમાં પોતાનો સ્વાંગ બદલીને આપણો ઉઠાવગીર મી. **હન્ટર** ત્યાં હાજર થયો અને બોલ્યોઃ- "કેમ સાહેબ? આપને મારૂં શું કામ પડયું છે ?" શેઠ તેના સામુ જોઇ રહ્યા. "તમે કોણછો?" એ પ્રશ્ન થયો.

"હું એક **ડીટેકટીવ** છું. પહેલાં હું એક લોજનો મેનેજર હતો. એક ઉઠાવગીરે મને ઠગ્યો ત્યારથી ઠગો પકડવાનો ધંધો લઇ બેઠો છું મેં ઘણા કેસો પકડયા છે સરકારે મારી ચાલાકી અને ચપળતા જોઇ મને ડીટેકટીવનો ઉપરી બનાવ્યો છે. મારૂં નામ **મી. એસ્ટ્રે** છે. હવે તમારી વાત જણાવો શી વાત બની?

"જુઓ, સાંભળો. આજે બપોરે હું સુતો હતો. લગભગ કલાકેક સુતો હઇશ એટલામાં મને એક કાર્ડ મળ્યો. હું તે માણસને મળ્યો. તેની પાસેથી હીરાની પેટી પરીક્ષા કરાવ્યા પછી લીધી. તેમાં ચાર હજાર **હીરા** હતા. મેં તેને એક કરોડને વીસ લાખ ગણી આપ્યા ત્યારે તેણે મને હીરાની પેટી આપી મેં તે લઇ ત્રીજોરીમાં મૂકી. અત્યારે જોયું તો તેમાં હીરા ન મળે."

ડીટેકટીવ વીચાર કરવા લાગ્યો. પછી પ્રશ્ન કર્યો "શેઠ, આ નામની કોઇ કંપની તમારી જાણમાં છે? કાગળ બતાવતાં તેણે પૂછ્યું.

"ના, સાહેબ"

"ઠીક, ઘરમાં કોઇએ તીજોરી ઉઘાડી હતી?"

"નાજી. કુંચી મારી પાસેજ રાખું છું."

"તમે તે માણસને ઓળખો છો?"

"માત્ર ચહેરા પરથી."

"લો ત્યારે આમાંથી તેની છબી શોધી કાઢો." કહી તેણે કેટલીક છબીઓ શેઠ પાસે મુકી. શેઠે એક છબી બતાવી કહ્યું "આ રહી તે ચોરની છબી."

"વારૂ શેઠ, ત્યારે તમે અત્યારે મારી જોડે ચાલશો?" "કયાં?"

"ચોર પકડવા," "હાજી જરૂર" કહી શેઠ ઉભા થયા. પેટી સાથે લીધી. મોટર બહાર તૈયાર હતી તેમાં શેઠ બેઠાં એટલે

મી. **એસ્ટ્રે** ઉર્ફે બનાવટી ડીટેકટીવ ચઢી બેઠા. ડ્રાઇવરને **એક** નોટ આપી ઉતારી મુકયો. અને પછી મી. **એસ્ટ્રે** પુર્ણ ત્વરાથી મોટર દોડાવવા લાગ્યા. શહેર બહાર અરણ્યમાં આવેલા મહાન વડ વૃક્ષ આગળ ઉતરી પડયા. ઝાડપર ચઢવાનો ઢોંગ કરી કળ ફેરવી મારી. પાછા શેઠ પાસે જઇ બેઠા. "તમે ઝાડપર કેમ ચઢતા હતા" "ચોરને જોવા કે કયે રસ્તે ગયો." હા, જુઓ પેલે રસ્તે ગયો કહી મોટર સુરંગમાં વાળી સામી ભીંત આવતા મોટર અટકી. બેસી રહેજો શેઠ, હું હમણાં જોઇ આવું કે ચોર છે કે નાહં એમ કહી મી. **એસ્ટ્રે** ઉર્ફે **હન્ટરે** ભીંતની કળ ફેરવી પાછા આવ્યા અને શેઠને મોટર માંથી ઉતરી પોતાની સાથે આવવા કહી ઓરડામાં ભરાયા ત્યાંના ઘંટને વગાડી શેઠને બીજા ઓરડામાં લઇ ગયા અને બોલ્યા "શેઠ, જુઓ, આ ઓરડામાં રહ્યો ચોર" શેઠ આમતેમ બહાવરા બની જોવા લાગ્યા.

શેઠ જરા જુઓ તો ખગ એની **"ધમક"!** શેઠ ગભરાયા "કયાં છે ચોર?**મી. હન્ટર** ઉર્ફે **એસ્ટ્રે** બોલ્યા:-"શેઠ, તમારી પાસે, જરા આમ જુઓ." **મી.હન્ટર** ખડખડ હસી પડયા. શેઠ આ જોઇ બોલ્યા" "કોણ તું ચોર?" "હા **શેઠ**? ગરબડ કરશો નાહં, નહિં તો તમારો વાંસો હલકો કરીશું, તમે જાણો છો કે તમે કયાં આવ્યા છો?" શું બોલે છે, લુચ્ચા ઠગ કહી **શેઠ** તેના ઉપર ધસ્યા. **મા. હન્ટરે** શેઠને ખાસડાના ત્રણ ચાર ઝપાટા લગાવી દીધા અને બોલ્યા "પાજી તારૂં પોકલ બધું ફુટશે. તેં કેટલાને ઠગ્યા છે, તે હું જાણું છું. મુંગો રહેજે નહિ તો આ બંદુક વડે ઠાર કરીશ." શેઠ ચમકયા, બેભાન થતાંજ તેના મુખમાંથી નીકળી ગયું "આ શું **ઝમકને ધમક જોતાં આવી ગઇ ચમક !"**

પ્રિય વાંચક આજતો આપણે શેઠને બેભાન મૂકી રજા લઇએ વળી પ્રભુ મેળવે ત્યારે **ઠગ શેઠ** * * રાયના ભોપાળા પકડનાર અને ઉઠાવગીરનો પાઠ ભજવનાર **એસ્ટ્રે** ઉર્ફે **હન્ટરે** મેળવેલા પાકા પૂરાવા લઇ મળશું. અસ્તુ,

પ્રકરણ ચોથું.

સુવર્ણમય સવિતા નારાયણની જ્યોતિથી પ્રગટ થએલા કનકમય કીર્ણોની જ્યોત્સ્નાએ કરી સર્વ જગત ઉદ્યમી થઇ આનંદથી પોતાના નિત્ય કર્મ કરવાને તત્પર થઇ રહ્યું છે, કુદરતનો નવો બહાર પરોઢીઆના શાન્ત સમયે નેત્રોને શીતળ કરી આનંદ આપી રહ્યો હતો. પક્ષિઓ મધુરાં ગીત ગાન કરતાં માયાવી મનુષ્યોને ઉદ્યમી થવા, અને આળસુ મનુષ્યોના આલસ્યનો ત્યાગ કરાવવા પ્રયાસ કરી કલ્લોલ કરતાં માયામય મહિવિષે આનંદ પ્રવર્ત્તાવી ખરા પ્રણયી જનોના હૃદયમાં પ્રભુની પ્રબળ પ્રકૃતનો પ્રભાવ જણાવતા, રસીક જનોના રસમય હૃદયમાં સૂર અને આલપનો પ્રયણ પ્રતિધ્વની પાડતાં હતાં. આવી શાન્ત વસંત ઋતુની એક પ્રાતઃકાળમાં એક અભાગી-કર્મ ભાગી એક અંધારા ઓરડામાં પોતાનાં કૃત્યોનું ફળ ભોગવતો અને વિલાપ કરતો હતો. તેની સમક્ષ એક મનુષ્ય દર્પણમાં જોઇ પોતાના મૂખાર્વિંદ ઉપર એક રંગની પેટીમાં "રંગની અજમાયશ કરવા ઉભો હતો.

પ્રિયવાંચક આ વ્યક્તિઓ કોણ છે તેતો તમે જાણી ગયા હશો. તથાપિ પુનઃ સ્મરણાર્થે જણાવવું જોઇએ. પ્રથમ વ્યક્તિ મી. **હન્ટર** હતા. તેમણે પોતાના કુશળ હસ્તને તે કાર્ય કરવાને આજ્ઞા આપી અને પોતાના હસ્તે એવું બનાવ્યું કે મી,++ **રાય** અને મી. **હન્ટર** એકજ પુરૂષની ભિન્ન ભિન્ન આકૃતિઓના હોય? એમ જોનારને થયા વિના રહેજ નહિં. તેજ પ્રમાણે તે ચંચળ હસ્તે મી.×× **રાયને** પણ મી. **હન્ટર** બનાવી દીધા. એક બીજાના વસ્ત્રાભૂષણની પણ નકલ થઇ ગઇ. કંઠ સ્વરોદ ફેરવવાને મી.×× રાયને એક રસાયણીક વસ્તુનું પાન કરાવતાંજ

સુવર્ણની ઘંટડીનો નાદ નષ્ટ થઇ ગન્ધર્વરાજના આનંદી ગીતનો સ્વર થઇ રહ્યો. મી. હન્ટર આ પ્રમાણે ફેરફાર કરી ત્યાંથી ચાલ્યા ગયા. શેઠની પાછળ ચોકી રાખનાર પોતાના નિમકહલાલ કુતરાને મુકતા ગયા.

પ્રિય વાંચક, તે શા અર્થે આવો ફેરફાર કરી બહાર ગયા અને બહાર જઇ શું કર્યું તે હવે આપણે જોઇએ. મી. હન્ટર બહાર આવ્યા મોટર તૈયાર રાખનાર પોતાના એક બીરાદર–બંધુને સાથે લઇ તેને મી. એસ્ટ્રેનો વેશ ધારણ કરાવી પોતે શેઠ મી.++ રાય અને પોતાના મિત્ર મી. અસ્ટ્રે થઇ શેઠની પેઢીએ પહોંચ્યા. ત્યાં ઘણા વર્ગના મનુષ્યો જેવા કે વ્યાપારીઓ, નોકરો, સ્નેહીઓ, સગાઓ એકઠા થયા હતા અને શેઠના ગત દીવસના ગયા પછી કાંઇ સમાચાર ન મળવાથી ચિંતાતુર થઇ બેઠાં હતાં. ત્યાં મી. હન્ટર શેઠના વેશમાં દાખલ થયા. સર્વત્ર આનંદી આવકારના સ્વર સંભળાવા લાગ્યા અને શેઠનું મન અને શરીર પુનઃ સ્વસ્થ આનંદી અને સુરક્ષીત જોઇ બોલ્યા શેઠ આજે આપનું મહાન્ ભાગ્ય કે આપ સુરક્ષીત ઘેર પધાર્યા. મી. હન્ટરે સર્વને કંસાર ધીના કરવાનો હુકમ આપી દીધો. અને ભણાવેલ ડીટેક્ટીવ સાહેબ મી. એસ્ટ્રેએ બનાવટી હેવાલ કહેવા માંડયો.

"જુઓ, ગઇ કાલે પાંચ વાગ્યાને અમલે અમો અહીંથી મોટરમાં બેસી ગયા. હમારો એક કુતરો જે શીકારી અને પક્કા ડીટેક્ટીવનું કામ કરનાર હતો તેને અમે હીરાની પેટી સુંઘાડી તેનાપર જેનો હસ્ત પ્રસ્વેદ લાગ્યો હતો તેને ખોળવા છુટો મુકયો. તરતજ તે એક પછી એક ગલીઓ વટાવતો ચાલ્યો જવા લાગ્યો. અમે એની પાછળ મોટરમાં બેસી પડયા. તેણે તે ચોરનું રહેઠાણ, ગુપ્ત સ્થાન, અને તેને પોતાને પણ પકડયો. અમે તેને બાંધ્યો અને ત્યાંજ મુકી અત્રે સહીસલામત પાછા આવ્યા છીએ. હીરા તથા રૂપીઆ પણ મલ્યા છે."

ઝવેરીઓએ આવા વૃત્તાંતને શ્રવણ કરી ખૂશ થઇ જતાં પોતાના ખીસાઓ શેઠ તરફના પોતાના સ્નેહને ખાતર ખાલી કરવા માંડયા. હીરાઓના હારો અને કંઠાઓ મી. એસ્ટ્રેના ગળામાં આવી પડયા. આનંદગાન થવા લાગ્યા. અને ભોજનનો સમય થતાં સર્વ ઉઠયા.

ભોજન લેવાઇ રહ્યું છે. શેઠની રજા લેવાઈ અને સર્વ એકત્રીત થએલા મનુસ્યો સ્વસ્થાને પ્રયાણ કરી પહોંચ્યા. આવતી કાલનો દીવસ રજાનો હતો. શેઠ પુનઃ સહિસલામત પધારવાથી સર્વને રજા આપવામાં આવી હતી ચાકરો અને નોકરોનાં મન સંતુષ્ટ કરતાં તેમના દરિદ્ર ટાળવામાં આવ્યા. રાત્રીનો સમય થઇ ગયો હતો. નવનો અમલ થતાં શયન મંદિર ભણી શેઠ પોતાના મિત્ર એસ્ટ્રેને લઇ ગયા. શેઠાણી તેમને સ્વાગત દેવાને આતુર થઇ બેઠા હતા તેમણે તેમને પુષ્પ વૃષ્ટિ કરી વધાવ્યા સ્નેહાલિંગન આપ્યું આ વખતની તેમની સ્થિતિ. સ્વર્ગીય સુખનો અનુભવ કરાવનારી હતી, બંન્નેની વાચા શક્તિ તે થોડા સમયને માટે નષ્ટ થઇ હતી અને માત્ર અંતર અને બાહ્ય નેત્રથી તેઓ પોતાનાં હૃદય ખાલી કરતા હતાં. શેઠ આજે ઘણાં લાંબા વખતે પોતાના પ્રાણના ભોગ ભયે પોતાની પ્રિય પત્નિને મળવા શક્તિવાન થયા હતા, તેમની જોડે રહેનાર મી. એસ્ટ્રે કોણ હતા તે આપણે હવે જાણીશું શેઠ અને શેઠાણી એક બીજાથી છૂટા પડયા. શેઠના નેત્રમાં હર્ષનો અશ્રુ પ્રવાહ ચાલતો હતો; એટલે તેમના પ્રણયી પત્નિનાં નેત્રમાંથી પણ અશ્રુપ્રવાહ ચાલવા લાગ્યો

અપૂર્ણ.

નિર્ધન-નિવાસ
સૂર્યપુર.

" અરવિંદ "

પ્રસિદ્ધ કર્તા—જયશંકર ધીરજરામ ધન્દેવ

પ્રસિદ્ધ કરવાનુ ઠેકાણું—નાની છીપવાડ—સુરત.

છાપનાર—મુળચંદ કસનદાસ કાપડિયા.

છાપવાનું ઠેકાણું—લક્ષ્મીનારાયણની વાડીમાં આવેલા "જૈન વિજય" પ્રેસમાં ખપાટીઆ ચકલા, સુરત.